# <u>પ્રેસનોટ</u>

## બાગાયત મહાવિદ્યાલય, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, જગુદણ ખાતે "સ્ટાર્ટ–અપ કિકસ્ટાર્ટ કાર્યક્રમ"

બાગાયત મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., જગુદણ ખાતે "વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી સેલ" દ્વારા "સ્ટાર્ટ-અપ કિકસ્ટાર્ટ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય તથા વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. પિયુષ વર્મા દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી સેલ હેઠળની વિવિધ ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહાનુભાવ તરીકે ઉપસ્થિત ડૉ. યશ પઢિયાર, સી.ઈ.ઓ., આર.બી.આઇ.સી., દાંતીવાડાએ "સ્ટાર્ટ-અપ કિકસ્ટાર્ટ કાર્યક્રમ" અંગે માહિતી આપી અને આ કાર્યક્રમ સંશોધનકારો તથા મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો માટે અત્યંત લાભદાયી હોવાનું જણાવ્યું હતું. પરિસંવાદમાં બાગાયત મહાવિદ્યાલયના પ્રાધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સદર કાર્યક્રમનું સંકલન એસ. એસ. આઇ. પી. સેલના સંયોજક, ડૉ. વાય. બી. ચૌહાણ, સહ પ્રાધ્યાપક અને ડૉ. યુ. કે. બોરિયા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવેલ.

**આચાર્ય**







